અપીલ અરજી નં.૩૯૬ તા.૧૦–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબે
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબેની તા.૫–૨–૧૧ની અરજીથી ડિંડોલી વોર્ડ નં.૨૮માં આવેલ રામરાજય સોસાયટીની સામે અષ્ટવિનાયક માં થઈ રહેલ એપાર્ટમેન્ટનુ કામ કાયદેસર છે કે કેમ?અષ્ટવિનાયક સુડાના સમયથી પ્લાન મંજુર હોય તો અત્યારે રેસીડેન્સ બન્યુ પછી કેમ એપાર્ટમેન્ટ બની રહયુ છે અને કાર્યવાહી કેમ નથી કરાતી ? કયા એપાર્ટમેન્ટ મંજુર છે અને કયારે મંજુર થયેલ તેની માહિતી તથા સાંઈદર્શનમાં બનાવવામાં આવેલ દુકાનો કાયદેસર છે કે કેમ? શિકાયતો પછી પણ કાર્યવાહી કેમ નથી તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૦–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૬/૨૦૧૦–૧૧.

શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબેની તા.૫–૨–૧૧ની અરજીથી ડિંડોલી વોર્ડ નં.૨૮ માં આવેલ રામરાજય સોસાયટીની સામે અષ્ટવિનાયક માં થઈ રહેલ એપાર્ટમેન્ટનુ કામ કાયદેસર છે કે કેમ? અષ્ટવિનાયક સુડાના સમયથી પ્લાન મંજુર હોય તો અત્યારે રેસીડેન્સ બન્યુ પછી કેમ એપાર્ટમેન્ટ બની રહયુ છે અને કાર્યવાહી કેમ નથી કરાતી? કયા એપાર્ટમેન્ટ મંજુર છે અને કયારે મંજુર થયેલ તેની માહિતી તથા સાંઈદર્શનમાં બનાવવામાં આવેલ દુકાનો કાયદેસર છે કે કેમ? શિકાયતો પછી પણ કાર્યવાહી કેમ નથી તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૧ તા.૧૮–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન મહેકમ/ આ.નં.૯ તા.૧–૪–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને અરજીની સ્પષ્ટ માહિતી અંગે પત્ર નં.સા.ઈ .ઝોન/ મહેકમ/૪૩૪૩ તા.૨૩–૩–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૬ તા.૧–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં જવાબ મળ્યો નથી તેવું જણાવી તા.૧૦–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૪૩૪૩ તા.૨૩–૩–૧૧ થી " ગોડાદરામાં આવેલ સાંઈદર્શન અને ડીડોલીના અષ્ટવિનાયક સોસા. બાબતે યોગ્ય સ્પષ્ટ લોકેશન (ટી.પી. સ્કીમ નંબર, બ્લોક નંબર, ફાયનલ પ્લોટ નંબર સહિત) જણાવ્યેથી માહિતી આપી શકાશે " તેવો અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ શહેર વિકાસ વિભાગ તરફથી જરૂરી તપાસ કરી જરૂરી પૂર્તતા કર્યા બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૬ તા.૧–૪–૧૧ થી "રામ રાજય સોસા. ગોડાદરામાં આવેલ છે તથા અરજીમાં જણાવેલ અષ્ટવિનાયક એપાર્ટ.નો પ્લાન મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ ધ્વારા અગાઉ આ.નં.ટીડીઓ/૨૩૯ તા.૧૨–૧–૦૫ મુજબ મંજુર કરવામાં આવે છે. તથા સાંઈ દર્શન સોસા. માં અગાઉ ધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાંથી ટીડીઓ/૧૦૫ તા.૧૯–૧૦–૦૬ થી રેસીડન્શીયલ રો હાઉસ ટાઈપ લે આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. " તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિષેશ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી યજુવેન્દ્ર જયપ્રકાશ દુબે,